# ગાંધીનગર રાજ્યનું સૌથી ગરમ શહેર

## રવિવારે ગાંધીનગર - અમદાવાદમાં પારો ૪૪ને પાર કરવાની સંભાવના : ગાંધીનગરમાં કાળઝાળ ગરમીને પગલે જનજીવનને ઘેરી અસર : શનિ-રવિની રજાને કારણે શહેર સૂમસામ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સતત ચોથા દિવસે રાજ્યનું સૌથી ગરમ શહેર



રહ્યું હતું. હીટવેવના ચોથા દિવસે પણ ગાંધીનગરમાં પારો ૪૨-૪૩થી ઉપર નોંધાયો હતો. શનિવારે મહત્તમ તાપમાન ૪૩.૩ નોંધાયું હતું. કાળઝાળ ગરમીને પગલે માર્ગો સૂમસામ લાગતા હતા. જોગાનુજોગ સરકારી કચેરીઓ અને બેંકોમાં રજા હોવાથી સૌ પોતપોતાના ઘરોમાં ગરમી સામે રક્ષણ મેળવ્યું હતું.

અમદાવાદ શહેરમાં આવતીકાલે પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે. મ્યુનિસિપલ હેલ્થ વિભાગ અને હવામાન વિભાગ તરફથી ૨૮મી મેના દિવસ માટે ઓરેન્જ એલર્ટની જાહેરાત કરવામાં આવ્યા બાદથી તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ અંગેની વિગત એવી છે કે,ગત ૮ એપ્રિલના રોજ અમદાવાદ શહેર માટે હીટ એકશન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદથી મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર,નેચરલ રિસોર્સ ડિફેન્સ કાઉન્સીલ અમેરીકા અને હવામાન વિભાગ અમદાવાદ દ્વારા શહેરમાં તાપમાન અંગેની આગાહી કરવામાં આવી રહી છે. ઉંચા તાપમાન માટેની ચેતવણી જારી કરાઈ નથી પરંતુ પારો ઉંચો જઈ શકે છે. અમદાવાદમાં પારો ૪૪ ઉપર પહોંચી શકે છે. હીટવેવના કારણે હાલમાં લૂ લાગવાના બનાવો પણ વધ્યા છે. લોકો બપોરના ગાળામાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. અમદાવાદ શહેરમાં આવનારા દિવસોમાં વધી રહેલા તાપમાનના અનુસંધાનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોને અતિશય ગરમીથી બચવા માટે કાળજી રાખવા અપીલ પણ કરવામાં આવી છે.જેમાં લોકોને વધુ પ્રમાણમાં પાણી,છાશ અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવા, લાંબા સમય સુધી તડકામાં ન રહેવા અને હળવા સુતરાઉ કપડા પહેરવા ખાસ અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત ઠંડકવાળા



સ્થળોએ આરામ કરવા,કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અંગે પણ સુચન કરવામાં આવ્યું છે.આ સાથે જ નાના બાળકો,વૃધ્ધો અને સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી લેવા અંગે પણ કહેવામાં આવ્યું છે.ઈમરજન્સીની પરિસ્થિતિમાં ૧૦૮નો સંપર્ક કરવા કહેવામાં આવ્યું છે. તીવ્ર ગરમીના દોર વચ્ચે આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં પારો ૪૩.૩ સુધી પહોંચ્યો હતો. સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી નોંધાઈ ગયું હતું. તીવ્ર ગરમી વચ્ચે પારો સતત વધી રહ્યો છે. ડીસામાં આજે મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી નોંધાયું હતું. પાટનગર ગાંધીનગરમાં કાળઝાળ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદમાં ગઈકાલની સરખામણીમાં આજે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હોવા છતાં બપોરે રસ્તા સુમસામ દેખાયા હતા. આગઝરતી ગરમીનો અનુભવ બપોરના ગાળામાં થયો હતો. લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. અમદાવાદ શહેરમાં હાલમાં ફુડ પોઈઝનીંગના બનાવોમાં વધારો થયો છે.

### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | મહત્તમ તાપમાન |
|---|---|
| ગાંધીનગર | ૪૩.૩ |
| અમદાવાદ | ૪૨.૬ |
| ડિસા | ૪૦.૪ |
| ઈડર | ૪૧.૬ |
| વીવીનગર | ૪૦.૬ |
| વડોદરા | ૩૯.૪ |
| સુરત | ૩૪ |
| વલસાડ | ૩૪.૯ |
| અમરેલી | ૪૦ |
| ભાવનગર | ૪૩.૧ |
| રાજકોટ | ૪૦.૯ |
| સુરેન્દ્રનગર | ૪૨.૫ |
| નલિયા | ૩૫ |
| કંડલા એરપોર્ટ | ૩૯ |
| ભુજ | ૩૭.૫ |
| કંડલા પોર્ટ | ૩૬.૯ |

# માણસામાં નવી કોર્ટ વિસ્તાર ઠેર ઠેર 'ગંદકીનું ઘર' બન્યું

### રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધતા રોગચાળો ફેલાવાની દહેશત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના માણસા નગરમાં ઠેર ઠેર પારાવાર ગંદકીના કારણે રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. રહેણાંક સોસાયટીઓની આસપાસ જ ઉકરડાઓ તથા ગંદા પાણીના ભરાવાને કારણે રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધતા રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થવા પામી છે. આ બાબતે રહીશો દ્વારા અનેકવાર નગરપાલિકામાં રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં ના ભરાતા મુખ્યમંત્રી કાર્યાલય સુધી લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. આમ છતાં સમસ્યા ઠેરની ઠેર રહેવા પામી છે.

માણસા શહેરમાં તપ્નેશ્વર મંદિર રોડ પર નવી કોર્ટ પાસે મહેશ્વરી સોસાયટીની આસપાસ ગંદકી, ઉકરડા અને ગંદા પાણીના ભરાવાની સમસ્યાએ વરવુ સ્વરૂપ ધારણ કર્યું છે. આ કારણે અહીં રોગજન્ય જીવજંતુઓ ઉપરાંત સાપ, ઘો, નોળિયા જેવા પ્રાણીઓનો પણ ઉપદ્રવ વધ્યો છે. પારાવાર ગંદકીના કારણે અસહ્ય દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયું છે. આ સમસ્યા અંગે સોસાયટીના રહીશો દ્વારા માણસા નગરપાલિકા, મામલતદાર કચેરી, તાલુકા આરોગ્ય અધિકારી, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ અધિકારી, જિલ્લા મ્યુ. અધિકારી તથા મુખ્યમંત્રી કાર્યાલય સુદ્ધા જાણ કરવા છતાં આ સમસ્યાનું કોઈ નિરાકરણ ના આવતા રહીશોમાં રોગચાળો ફેલાવાની દહેશથી ફફડાટ ફેલાવા પામ્યો છે.

# ચિલોડા ખાતે ભાજપ બુથ વિસ્તારક યોજના અન્વયે બેઠકમાં કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા-રીસોર્ટ સેન્ટર ખાતે ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા દક્ષિણ વિધાનસભાની તાલુકા મંડળના પ્રમુખ રાવજીભાઈ જાદવ વગેરેની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ચાર જિલ્લા પ્રજા સુધી પહોંચાડવા કટીબદ્ધ બનશે. આ બેઠકમાં ભાજપના રમેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા



ચાર જિલ્લા પંચાયત બેઠક-છાલા, ચિલોડા, ડભોડા તથા વલાદના ભાજપના ૧૨૪ બુથના વિસ્તારકોને કિટ વિતરણ કાર્યક્રમ અન્વયે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ તથા દ. વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિતેન્દ્રભાઈ પટેલ, પંચાયત બેઠકદીઠ વિસ્તારકોની નિમણુંક કરાઈ હતી. તા. ૨૮ મે ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની મનકી બાત કાર્યક્રમ સંદર્ભે વિસ્તારકોની યોજનાનો શુભારંભ થશે. તા. ૫મી જૂન સુધી દરેક બુથ પર એક વિસ્તારક કેન્દ્ર અને રાજ્ય સરકારની ઉપલબ્ધિની માહિતીનું આદાનપ્રદાન અને પ્રસાર-પ્રચાર સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલ, મહામંત્રી આઈ. બી. વાઘેલા, નાથુભાઈ ચૌધરી, લલિતસિંહ યાદવ, એસ.પી. ઠાકોર વગેરે ઉપસ્થિત રહી કીટ વિતરણમાં સહયોગી બન્યા હતા. આ પ્રસંગે તાલુકાના ભાજપના કાર્યકરો તથા હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ચૂંટણી કોંગ્રેસ કાર્યકરો એક જૂથ થઈને લડશે : ગેહલોત

અમદાવાદ, તા.૨૭

લક્ષ્ય-૨૦૧૭ નવસર્જન ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તૈયારી માટે ૨૬ લોકસભાના બુથ સશક્તિકરણ સમિતિના કન્વીનર કોંગ્રેસ પક્ષના પ્રદેશ પદાધિકારીઓ, શહેર જિલ્લાના પ્રમુખઓ, જીલ્લા નીરિક્ષકઓ,વિધાનસભા ક્ષેત્રના નિરીક્ષકઓની એક અગત્યની બેઠક રાજીવ ગાંધી ભવન ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી, રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતની માર્ગદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સિદ્ધાર્થ પટેલ, એઆઈસીસીના મંત્રી જીતુ પટવારી, હર્ષવર્ધન સપ્કાલ, ઈરશાદ બેગ મિરઝા, દિપકભાઈ બાબરિયા, ડૉ. પ્રભાબેન તાવીયાડ, પરેશભાઈ ધાનાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બુથ સશક્તિકરણના આયોજન માટે અગત્યની બેઠકમાં માર્ગદર્શન આપતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતએ જણાવ્યું હતું કે, વિધાનસભાના ઉમેદવાર કોઈપણ હોય ચૂંટણી કોંગ્રેસ પક્ષના કાર્યકરો એક જુટ થઈને લડશે. કાર્યકરો આગેવાનો જે તે વિધાનસભા ક્ષેત્રમાં સંપૂર્ણ સાથ સહયોગ આપીને બુથ સશક્તિકરણ માટે કામગીરી સંભાળે. સમગ્ર રાજયમાં વિવિધ વિધાનસભા ક્ષેત્રમાંથી અને વિવિધ સમાજોમાંથી જે પ્રકારનો ફીડબેક આવી રહ્યો છે તે પ્રમાણે ગુજરાતના નાગરિકો કોંગ્રેસ પક્ષની સરકાર ઈચ્છે છે અને ભાજપની ભ્રષ્ટ સરકારને હટાવવા માંગે છે. જે રીતે ભાજપના કારનામાં રહ્યા છે તે જોતા આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણી એક મોટો પડકાર છે. ભાજપ બદલાની ભાવનાથી કામ કરે છે. કોંગ્રેસ પક્ષ અને ભાજપમાં મોટો વિચારધારાનો ફરક છે. જે કામ યુપીએ સરકારમાં પ્રજાલક્ષી થયા તે કામની જાહેરાતો કરીને ભાજપ પોતે વિકાસના દાવા કરી રહી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરુજીએ કહ્યું છે.. સ્પ્લીટ એ.સી.ની જેમ... બહાર અવાજ કરવો પરંતુ ઘરમાં ઠંડુ રહેવું અવાજ ન કરવો... તો તમારે દારૂ નહીં પીવો પડે...!!

# બીએસએફ કેમ્પ નજીક ૧૭૬ કારતુસ જપ્ત થયા

અમદાવાદ, તા.૨૭

સરહદે ચાલી રહેલી તણાવપૂર્ણ સ્થિતિના કારણે હાલમાં પેટ્રોલીંગ સઘન બનાવ્યું છે. તેમાં ખાવડા નજીક નોંધપાત્ર સંખ્યામાં જીવતા કારતુસ મળી આવ્યા હતા. આ કારતુસો મળી આવતા મામલાની સંવેદનશીલતા પારથી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. બીએસએફની ઈન્ટેલિજન્સ એજન્સીને ૧૭૬ જીવતા કારતુસ બીએસએફ કેમ્પ નજીકથી બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા. ૧૭૬ કારતુસની સાથે ૨૦૨ કારતુસ ખોખા પણ મળ્યા હતા તમામ કારતુસ એક નાળામાં દટાયેલા ડબ્બામાંથી મળી આવ્યા છે. કારતુસ મામલે બીએસએફ દ્વારા આગળનું ઈન્વેસ્ટિગેશન કરવામાં આવી રહ્યું છે એ સાથે પ્રાથમિક તપાસ બાદ ખાવડા પોલીસની મદદ લેવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે જે કારતુસ મળ્યા છે તે અલગ અલગ કેલીબરના છે. કેટલાક કારતુસ ઈન્સાસ રાયફલના છે, તો કેટલાક એસએલઆર ગન, એક-૪૭ના છે. બે કારતુસ ૩૦૩ રાયફલના છે. જીવતા કારતુસ રાખવાના ૨૦૨ ખાલી ખોખા મળી આવ્યા છે. બીએસએફે આ અંગે તરત ખાવડા પોલીસને જાણ કરી હતી અને પોલીસ ઘટનાસ્થળે આવી હતી.

# નીટમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અન્યાય થયો નથી

ગાંધીનગર, તા ૨૭

નીટની પરીક્ષામાં ગુજરાતી મીડીયમના વિદ્યાર્થીઓને અન્યાય થયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે નીટની પરીક્ષાના અંતે ગુજરાતી મીડીયમના વિદ્યાર્થીઓ માટે અલગ મેરીટ તૈયાર કરવાની માંગ પણ ઉઠવા પામી છે. જોકે આ મામલે અમુક વાલીઓનો અભિપ્રાય પણ અલગ છે. જેમના મતે ગુજરાતી મીડીયમના વિદ્યાર્થીઓને સહેજ પણ અન્યાય થયો નથી. કેટલાક વાલીઓના મત મુજબ સી બી એસ ઈ દ્વારા એન સી આર ઈ આર ટી ના પુસ્તકના આધારે પ્રશ્નપત્ર તૈયાર કરાયુ હતુ.પરંતુ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ ગુજરાત બોર્ડના પુસ્તકના આધારે પરીક્ષાની તૈયારી કરી હતી જેના પરિણામે આ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે કપરી પુરવાર થઈ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આવા સંજોગોમાં જો અલગ મેરિટ તૈયાર કરવામાં આવે તો હોંશિયાર વિદ્યાર્થીઓને સખત અન્યાય થશે બીજી તરફ તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

મેડિકલમાં પ્રવેશ માટે તાજેતરમાં જ લેવાયેલી નીટની કસોટના અંતે ગુજરાતી અને અંગ્રેજી મીડીયમના પરીક્ષાર્થીઓ માટે અલગ અલગ પેપર નિકળ્યા હોવાનો આક્રોશ હજુ પણ શમ્યો નથી. ગુજરાતી અને અંગ્રેજી મીડીયમના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા પ્રશ્નપત્રો નિકળતા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે આ કસોટી અઘરી પુરવાર થઈ હોવાનો રોષ વાલીઓ વ્યક્ત કરી રહયા છે. નીટની પરીક્ષા આપવાના હોય તેવા સંજોગોમાં પ્રશ્નપત્ર જુદા જુદા જ નિકળે તે સામાન્ય બાબત છે. આ ઉપરાંત જે ઈ ઈ ની કસોટીમાં પણ અલગ જ પ્રશ્નપત્રો હોય છે. અલગ અલગ પેપર સેટ નિકળે તેમાં કાંઈ અજુકતુ નથી. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ ગુજરાત બોર્ડની

### ગુજરાતી અને અંગ્રજી માધ્યમ માટે અલગ મેરીટ તૈયાર કરાશે તો મહેનતુ વિદ્યાર્થીઓને ઘોર અન્યાય થશે : સાર્થક ગૌતમ

જયારે કેટલાક શિક્ષણ તજજ્ઞોનાના મતે પણ આ વિદ્યાર્થીઓને અન્યાય થયો હોવાનુ જણાંવાયુ છે. આવા સંજોગોમાં નીટની પરીક્ષા સંદર્ભે વાલીઓના બીજા સમુહનુ એમ માનવુ છે કે આ કસોટી તેના નિયમ મુજબ જ લેવાઈ છે.ગાંધીનગરમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીના વાલી સાર્થક ગૌતમના જણાંવ્યા મુજબ જયારે પ્રશ્નપત્ર પણ સી બી એસ ઈ એ જાહેર કર્યા મુજબ એન સી ઈ આર ટી ની ટેક્ષ મુજબ જ નિકળ્યુ છે. સી બી એસ ઈ દ્વારા લેવાયેલી પરીક્ષામાં પ્રશ્નપત્ર અલગ જ નિકળે છે. લાખો વિદ્યાર્થીઓ ચોપડીના આધારે પરીક્ષાની તૈયારી કરી હતી. જયારે એન સી ઈ આર ટીની ટેક્ષ મુજબ પરીક્ષા લેવાની જાહેરાત અગાઉથી કરવામાં આવી હતી. ગુજરાત બોર્ડે આ માટે સપ્લીમેન્ટ્રી બુક પણ તૈયાર કરી હતી. આવા સંજોગોમાં કેટલાક વાલીઓ દ્વારા ગુજરાતી તેમજ અંગ્રેજી મીડીયમના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ મેરિટ તૈયાર કરવા માટે પ્રબળ માંગ કરવામાં આવી રહી છે. પરંતુ અલગ મેરીટ તૈયાર કરવામાં આવે તો મહેનતુ તેમજ હોંશિયાર વિદ્યાર્થીઓને ઘોર અન્યાય થવાની સંભાવના છે.

# સરપંચોને નાણાકીય વહીવટી સત્તા પરત આપવા જન અધિકાર મંચ દ્વારા રજુઆત

ગાંધીનગર, તા.૨૭

ગ્રામ પંચાયતમાં નાણાકીય વહીવટની સત્તા સરપંચ પાસે હતી જે તાજેતરમાં રાજય સરકાર દ્વારા તલાટી કમ મંત્રીને સોંપવામાં આવી છે. ત્યારે તલાટી પાસે વધુ કામગીરી હોવાથી આ વહીવટી સત્તા સરપંચોને પરત આપવા અંગે જન અધિકાર મંચ દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરાઈ છે.

ગ્રામ પંચાયતમાં નાણાકીય વહીવટની સત્તા સરપંચ અને તેના સભ્યો પાસે હતી. જે સરકાર દ્વારા તાજેતરમાં તલાટી કમ મંત્રીને આપી દેવામાં આવી છે.સરકાર દ્વારા આ નિર્ણય તો કરવામાં આવ્યો છે. પરંતુ ગુજરાતમાં હકીકત પરિસ્થિતિ એ પ્રમાણે છે કે તલાટી કમ મંત્રીનો સ્ટાફ જ પુરતો નથી અનેક વિસ્તારોમાં એક તલાટી મંત્રીને ૫ થી વધારે ગામડાઓનો ચાર્જ આપવામાં આવ્યો છે. જેને પગલે હાલ પણ ગ્રામ પંચાયતના અનેક કામો અટવાઈ પડેલા રહ્યા છે. તેમજ ગામડાઓના નાગરીકોને સામાન્ય આવકના દાખલા કઢાવવા માટે પણ અનેક દિવસો સુધી રાહ જોવી પડે છે અથવા તાલુકા મથકે જવુ પડે છે.

અત્યારે હાલની પરિસ્થિતિએ પણ ગ્રામ્ય વિસ્તારની પ્રજાને પોતાના જરુરી કામો પુરા કરવા માટે પરેશાન થવું પડે છે. ત્યારે આવી પરિસ્થિતિમાં તલાટી કમ મંત્રી પાસે ખુબ કામનું ભારણ હોવા છતા નાણાકીય વહીટવટની જવાબદારી સરપંચો પાસેથી લઈને આ વધારાની જવાબદારી તલાટીકમ-મંત્રીઓને આપી દેવાતા ગ્રામ પંચાયતોનો વહીવટ ખોરવાઈ તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ત્યારે જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામ દ્વારા આ નિર્ણય અંગે ફેર વિચારણા કરવા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે. આ અંગે જન અધિકાર મંચના પ્રવિણ રામે જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયને લઈને અમારા દ્વારા ગામના સરપંચો અને ગ્રામજનોની મુલાકાત કરવામાં આવશે. અને હકીકતમાં જો સરકારના આ નિર્ણયથી ગ્રામ પંચાયતોની વ્યવસ્થા ખોરવાતી હશે અથવા ગ્રામજનોને નુકશાન થતું હશે તો તમામ સરપંચો અને ગ્રામજનોને સાથે લઈને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

**જોઈએ છે**

PTC, B.A. M.A. B.SC. MSC, (chemistry, physics, math, bio) B.ed યોગ્ય અને અનુભવી શિક્ષકો સોમવારે ૨૯.૫.૨૦૧૭ સવારે ૧૦ કલાકે અસલ પ્રમાણ પત્ર અને ફોટા સાથે રૂબરૂ મળો.

**સ્થળ**

સંત શ્રી અસારામજી ગુરુકુળ મોટેરા સ્ટેડીયમ ની બાજુ માં, મો. ૯૪૨૮૮૭૭૫૭૭, ૦૭૯-૩૯૮૭૭૭૮૬/૮૫.

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.**
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર

**બેન્કના તમામ ગ્રાહકો જોગ નવા મકાનમાં પ્રવેશ બાબતે**

બેન્કના સર્વ માનવંતા ગ્રાહકોને તેમજ ખાસ કરીને સેક્ટર-૧ થી ૮ના ગ્રાહકોને જણાવવાનું કે, તા. ૨૯/૫/૨૦૧૭ને સોમવારના રોજથી સેક્ટર-૩, ઘ-૨ કોર્નર ખાતે બેન્કની કાર્યરત શાખા પોતાના નવા મકાનમાં એટલે કે પ્લોટ નં. ૧૫૩૨, અપના બજારની બાજુમાં, સેક્ટર-૬ ખાતે આવેલ પોતાના મકાનમાં રાબેતા મુજબ કાર્યરત થશે. જેની સર્વ ગ્રાહકોને જાણ કરવામાં આવે છે.

**: ગેસ બીલ કલેક્શન :**

તમામ ગ્રાહકોને જણાવવાનું કે ગેસ બીલ કલેક્શન સેવાઓ પણ નવા સરનામે સ્વીકારવાનું કામકાજ ચાલુ રહેશે. તેની પણ નોંધ લેવા વિનંતી.

ગાંધીનગર
તા. ૨૬/૫/૨૦૧૭

લી.
મેનેજીંગ ડિરેક્ટર